**જૈવિક ખાતરો :**

બિયારણને ૫ મિ.લિ. એઝોટોબેકટર અથવા એઝોસ્પાઈરીલમ કલ્ચર પ્રતિ કિ.ગ્રા. પ્રમાણે માવજત આપી છાંયડે સૂકવી વાવેતર કરવું.

**રાસાયણિક ખાતર :**

ચોમાસું માટે ૮૦-૪૦-૦૦ ના.ફો.પો. કિ.ગ્રા./હે, અર્ધ શિયાળુ બાજરી માટે ૧૨૦-૬૦-૦૦ ના.ફો.પો. કિ.ગ્રા./હે. અને ઉનાળું બાજરી માટે ૧૪૦-૪૦-૦૦ ના.ફો.પો. કિ.ગ્રા./હે ખાતર આપવાની ભલામણ છે. ભલામણ કરેલ રાસાયણિક ખાતર પૈકી ૫૦ ટકા નાઈટ્રોજન અને ફોસ્ફરસનો તમામ જથ્થો વાવણી સમયે પાયાના ખાતર તરીકે આપવો.જ્યારે બાકીનો ૫૦ ટકા નાઈટ્રોજન વાવણી બાદ ૩૦ દિવસે નીંદામણ અને પારવણી કર્યા બાદ પૂર્તિ ખાતર તરીકે પુરતો ભેજ હોય ત્યારે જ આપવો.

**પારવણી :**

પાક જયારે ૧૫ થી ૨૦ દિવસનો થાય ત્યારે બે છોડ વચ્ચેનું અંતર ૧૦ થી ૧૨ સે. મી. નું રહે તે પ્રમાણે વધારાના નબળા છોડને ખેંચી કાઢવી. સાથી સાથે જે ઘરોમાં મોટા ભાલા હોય ત્યાં ભેજની યોગ્ય પરિસ્થિતિમાં પારવણી દરમ્યાન નીકળેલા તંદુરસ્ત છોડની ફેરરોપણી કરી છોડની પુરતી સંખ્યા જાળવવી.

**નીંદણ વ્યવસાપન :**

બાજરીના પાકની વાવણી બાદ ૨૦ ને ૪૦



દિવસે આંતરખેડ કરવું આંતરખેડ કરવાથી જમીનમાં હવાની અવરજવર અને ભૌતિક સ્થિતિ સારી રહે છે. વિસ્તારમાં મજૂરોની અછત હોય તે વિસ્તારમાં ન જણાવેલ પ્રી-ઈમરજન્સ અને પોસ્ટ-ઈમરજન નીંદણનામો પૈકી કોઈપણ એકનો ઉપયોગ કરવો.

**પિયત :**

બાજરી મુખ્યત્વે વરસાદ આધારીત પાક છે. વરસાદની ખેંચ જણાય તો એક પુરક પિયત આપવાની ભલામણ છે. બાજરીમાં ૭ થી ૮ દિવસના અંતરે ૪૦ મિ.મી. ઉંડાઈના કુલ ૮ થી ૧૦ પિયત આપવા.

**આંતરપાક પધ્ધતિ :**

મધ્ય ગુજરાતમાં ૪૫ સેમી ના અંતરે બાજરી કે સોયાબીનની ૨૨ ના પ્રમાણમાં આંતરપાક પધ્ધતિ અપનાવવાથી વધુ ઉત્પાદન અને નફો મળે છે.

**કાપણી :**

બાજરાનો પાક તૈયાર થાય એટલે લણી ખળામાં સૂકવી થ્રેસર દ્વારા થ્રેસીંગ કરવું, ત્યારબાદ દાણા સાફ કરી કોથળામાં ભરવા, બાજરાનું ડાંડર કાપી બરાબર સુકાવા દેવું. ત્યારબાદ પૂળા બાંધવા.

INTERNATIONAL YEAR OF MILLETS 2023



# બાજરાની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ

## મિલેટસનું આંતરરાષ્ટ્રીય વર્ષ ૨૦૨૩



## બાજરો (પર્લ મિલેટ)


तमसो मा ज्योतिर्गमय मंगल भारती

ICAR

**કૃષિ વિજ્ઞાન કેન્દ્ર મંગલભારતી**

મુ.પો.ગોલાગામડી,તા.સંખેડા,
જિ.છોટાઉદેપુર
મો.૮૧૪૧૧૫૦૫૦૦

બાજરીએ ઉષ્ણ કટિબંધીય વિસ્તારમાં ઉગાડવામાં આવતા ચાર સૌથી મહત્વના ધાન્ય પાકોમાંનો એક છે. ભારતમાં બાજરી ઉગાડતા મુખ્ય રાજયોમાં રાજસ્થાન, મહારાષ્ટ્ર, ગુજરાત, ઉત્તરપ્રદેશ અને હરિયાણાનો સમાવેશ થાય છે, ગુજરાત રાજ્યમાં બાજરીનું વાવેતર ૪ લાખ હેકટરમાં કરવામાં આવે છે. આ પાક અન્ય ધાન્યપાકોની સરખામણીમાં ભેજની ખેંચની પરિસ્થિતિનો સૌથી વધારે પ્રતિકાર કરી શકે છે. આથી તેનું વાવેતર મુખ્યત્વે રાજયના શુષ્ક અને અર્ધશુષ્ક વિસ્તારોમાં ખરીફ ઋતુ દરમ્યાન વરસાદ આધારીત પાક તરીકે કરવામાં આવતુ હતું, પરંતુ પિયતની સગવડ વધતા ઉનાળું બાજરીનો વાવેતર વિસ્તાર ચોમાસું બાજરી કરતા પણ વધી છે કારણ કે ચોમાસું બાજરીની સરખામણીએ ઉનાળું બાજરીનું ઉત્પાદન લગભગ બમણું મળે છે. સૌરાષ્ટ્રના દરીયાકાંઠાના થોડા વિસ્તારમાં અર્ધ શિયાળુ બાજરીનું વાવેતર પણ કરવામાં આવે છે.

### આર્થિક મહત્વ :-

ભેજની ખેંચ સહન કરી શકે છે.

બાજરી લોહ અને જસતથી સમૃદ્ધ હોય છે. તેમજ તેમાં એન્ટીઓક્સીડન્ટસ વધુ પ્રમાણમાં હોય છે. જેથી તે પૌષ્ટિક અને આરોગ્ય માટે



ફાયદા કારક છે.

### ગુજરાતમાં બાજરી હેઠળનો વાવેતર વિસ્તાર, ઉત્પાદન અને ઉત્પાદકતા :

| ઋતુ | વિસ્તાર (લાખ હે.) | ઉત્પાદન (લાખ મે.ટન) | ઉત્પાદકતા (કિ.ગ્રા./હે.) |
|---|---|---|---|
| ચોમાસું | ૧.૬૫ | ૨.૫૪ | ૧૫૩૯ |
| ઉનાળુ | ૨.૪૧ | ૬.૬૯ | ૨૭૭૦ |
| કુલ | ૪.૦૭ | ૯.૨૩ | ૨૨૭૦ |

### સુધારેલી જાતો:

હાઈબ્રીડ બાજરીમાં ઉતરોત્તર રોગનો ઉપદ્રવ વધતા કુતુલ સામે પ્રતિકાર કરી શકે તેવી નીચે જણાવેલ નવી જાતો બાજરા સંશોધન કેન્દ્ર જામનગર દ્વારા ખરીફ ઋતુ માટે બહાર પાડી અને વાવેતર માટે ભલામણ કરેલ છે.

**વહેલી પાકતી :**
જીએચબી ૫૭૭, જીએચબી ૫૩૮, જીએચબી ૭૫૭, જીએચબી ૭૧૯ અને જીએચબી ૫૩૮ **(EDV for DM)**

**મધ્યમ મોડી પાકતી :** જીએચબી ૫૫૮, જીએચબી ૫૩૮, જીએચબી ૭૩૨ જીએચબી ૧૧૩૯

**મોડી પાકતી :** જીએચબી ૫૫૮, જીએચબી ૭૩૨, જીએચબી ૭૪૪, જીએચબી ૯૦૫

**બાયો ફોર્ટીફાઈડ :** જીએચબી ૧૧૨૯, જીએચબી ૧૨૨૫ અને જીએચબી ૧૨૩૧



### વાવેતર માટેનો યોગ્ય સમય :

ચોમાસે બાજરીનું વાવેતર વાવણી લાયક વરસાદ થયે તરત જ કરવું. જેથી વધુ ઉત્પાદન મળે, રોગ-જીવાતનો ઉપદ્રવ ઓછો રહે અને પછીનો પાક લેવા માટે જમીન સમયસર ખાલી કરી શકાય. જે વાવણી લાયક વરસાદ મોડો એટલે કે ૧૫ જુલાઈ પછી થાય તો વહેલી પાકતી જાતનું વાવેતર કરવું. અને શિયાળુ બાજરીની ફેરરોપણી ૨૦ થી ૩૦ સપ્ટેમ્બર દરમ્યાન કરવી. ઉનાળું બાજરીનું વાવતેર ફેબ્રુઆરી મહિનાના બીજા પખવાડિયામાં (૩૦ સે. મહત્તમ તાપમાન) કરવાની ભલામણ છે.

### બિયારણનો દર અને વાવેતર :

હેકટરે બિયારણનો દર ૪ કિ.ગ્રા. (ક્ષારીય, ક્ષારીય ભાસ્મીક અને ભાસ્મીક જમીન માટે ૬ કિ.ગ્રા. છે. ) પ્રમાણે રાખી દંતાળથી બે હાર વચ્ચે ૪૫ અથવા ૬૦ સે.મી. અંતર રહે અને બીજ જમીનમાં ૪ સે.મી.થી વધારે ઉંડે ન પડે તે રીતે વાવેતર કરવું.

### સેન્દ્રિય ખાતર :

હેકટરે ૧૦ ટન છાણિયું ખાતર પ્રાથમિક ખેડ પહેલા નાખી અને ખેડ કરી જમીનમાં ભેળવી દેવું અથવા ચાસમાં ભરવું. છાણિયા ખાતરની ઉપલબ્ધતા ન હોય તો હેક્ટરે ૨ ટન વર્મીકમ્પોસ્ટ ચાસમાં આપવું.